મુંબઈ સમાચાર
MUMBAI SAMACHAR

# ચીનમાં બૉલીવૂડ બ્લાસ્ટ

**ચીનમાં રિલીઝ થઇને સફળતા મેળવનાર ૧૦ ભારતીય ફિલ્મ વિશે જાણીએ. હવે ૧૧મી ફિલ્મ 'બાહુબલી ટૂ: ધ કન્ક્લુઝન' પણ રિલીઝ થાય તેવી શક્યતા છે**



**ચાઇનામાં** હિન્દી ફિલ્મો બહુ લોકપ્રિય છે અને ત્યાં સત્તાવાર હિન્દી ફિલ્મો રિલીઝ પણ થાય છે અને ભારતની જેમ જ ધરખમ કમાણી પણ કરે છે. અત્યારે ભારતમાં જે ફિલ્મની બોલબાલા છે, તે એસએસ રાજામૌલીની 'બાહુબલી ટૂ: ધ કનક્લુઝન' ફિલ્મ પણ રિલીઝ થવાની વાતો ચાલી રહી છે. આ ફિલ્મ ત્યાં મેન્ડરિન ભાષામાં ડબ કરીને રિલીઝ કરવામાં આવે તેવી શક્યતા છે. બાહુબલીનો પ્રથમ ભાગ પણ ત્યાં રિલીઝ થયો હતો અને ખૂબ જ સફળ થઇ હતી. ચાઇનામાં અત્યાર સુધીમાં કઇ ૧૦ ભારતીય ફિલ્મો રિલીઝ થઇ હતી અને સાથે લોકપ્રિય પણ તેની વાત કરીએ.

**આવારા (૧૯૫૧):** રાજ કપૂરની આ ક્લાસિક ફિલ્મે ચાઇનામાં ભારતીય સિનેમાનો પ્રથમ વખત પરિચય આપ્યો હતો. ફિલ્મનું રાજ કપૂર પર ફિલ્માવાયેલું ટાઇટલ ગીત અને આઇકોનિક બની ગયા છે અને તે ભારત અને ચાઇના સાથે રશિયા જેવા દેશોમાં આજે પણ યાદ કરાય છે. ફિલ્મ સુપરહિટ થઇ હતી.

**થ્રી ઇડિયટ્સ (૨૦૦૯):** રાજકુમાર હિરાણીના આ કૉમેડી ડ્રામામાં આમિર ખાન, કરીના કપૂર ખાન અને આર. માધવન લીડ રોલમાં હતા. આ ફિલ્મે ચાઇનામાં રૂ. ૧૬ કરોડનો વકરો કર્યો હતો.

**માય નેમ ઇઝ ખાન (૨૦૧૦):** કરણ જોહરની શાહરુખ ખાન અને કાજોલ સ્ટારર આ ફિલ્મ ચાઇનમાં રિલીઝ થઇ હતી અને તેણે રૂ. ૫૦ લાખનું બૉક્સઓફિસ કલેકશન મેળવ્યું હતું.

**દિલ્હી સફારી (૨૦૧૨):** નિખિલ અડવાણી દિગ્દર્શિત આ થ્રીડી કમ્પ્યુટર એનિમેટેડ કૉમેડી ફિલ્મે ચાઇનામાં રૂ. ૧૦.૬૫ કરોડનો વ્યવસાય કર્યો હતો. આ દ્વિભાષી ફિલ્મે તે વર્ષનો શ્રેષ્ઠ એનિમેટેડ ફિલ્મનો નેશનલ એવૉર્ડ મેળવ્યો હતો. તેમાં અક્ષય ખન્ના, ગોવિંદા, સુનિલ શેટ્ટી, બૉમન ઇરાની અને ઊર્મિલા માતોંડકરે પોતાના અવાજ આપ્યા હતા.

**ધૂમ થ્રી (૨૦૧૩):** યશરાજ ફિલ્મ્સની 'ધૂમ' ફિલ્મની આ ત્રીજી ફ્રેન્ચાઇઝીએ ચાઇનામાં રૂ. ૨૪ કરોડનો વ્યવસાય કર્યો હતો. તેમાં આમિર, અભિષેક અને કેટરિના કૈફ છે.

**પીકે (૨૦૧૪):** આમિર ખાનની આ ધર્મ પરની સટાયર ફિલ્મ ચાઇનામાં સૌથી વધુ વકરો કરનારી ભારતીય ફિલ્મ બની હતી. રાજકુમાર હિરાણીની આ ફિલ્મે ત્યાં રૂ. ૧૨૩ કરોડનો વકરો કર્યો હતો.

**હેપ્પી ન્યૂ યર (૨૦૧૪):** શાહરુખ ખાનની આ મ્યુઝિકલ ફિલ્મમાં દીપિકા પદુકોણ, અભિષેક બચ્ચન અને સોનુ સૂદ મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મે ચાઇનામાં રૂ. ૧.૬૮ કરોડનો વકરો કર્યો હતો.

**બાહુબલી: ધ બીગનિંગ (૨૦૧૫):** રાજામૌલીની આઇકોનિક વૉર એપિક 'બાહુબલી'નો પ્રથમ ભાગ ચાઇનામાં ૬,૦૦૦ સ્ક્રીનમાં રિલીઝ થયો હતો અને તેણે રૂ. ૭ કરોડનું કલેકશન કર્યું હતું. તેમાં પ્રભાસ, રાણા દગ્ગુબતી અને અનુષ્કા શેટ્ટી મુખ્ય ભૂમિકામાં છે.

**ફેન (૨૦૧૬):** મનીષ શર્માની આ સાયકોલોજીકલ થ્રિલર ચાઇનામાં રિલીઝ થઇ હતી અને તેને સરેરાશ પ્રતિસાદ મળ્યો હતો. શાહરુખ ખાન સ્ટારર આ ફિલ્મે રૂ. ૧.૪૯ કરોડનો વકરો કર્યો હતો.

**દંગલ (૨૦૧૬):** આમિર ખાનની બ્લૉકબસ્ટર રેસલિંગ ડ્રામા છે અને ચાઇનામાં 'શાઉઇ જિઆઓ બાબા' (લેટ્સ રેસલ, ડેડ) નામે રિલીઝ થઇ હતી. આ ફિલ્મ ભારતમાં ગયા વર્ષે સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ બની હતી અને ચાઇનામાં તેણે રૂ. ૩૮૭.૩૮ કરોડનું બૉક્સઓફિસ કલેકશન મેળવ્યું હતું. ■

# બાળકો માટે લખવું બહુ મુશ્કેલ છે: ગુલઝાર



**શાયર,** કવિ અને દિગ્દર્શક ગુલઝારનું નામ સાંભળતા જ આપણું મન બાગ બાગ એટલે કે 'ગુલઝાર' બની જાય! તેમની ફિલ્મો જુઓ કે ગીતો સાંભળો, અદ્ભુત, સાહિત્યિક અને મનને આનંદ આપે તેવા છે. તેમની ફિલ્મો એટલી શાંત પ્રકૃતિની હોય છે કે જોતી વખતે તેનો કોઇ ભાર કે કંટાળો ન લાગે. આવા આ ગુલઝારને બાળકો પ્રત્યે બહુ પ્રેમ છે અને તેઓ પોતે બાળ સાહિત્ય પણ લખી ચૂક્યા છે. નાટકો અને ફિલ્મોમાં પણ. હવે તેમનું લખેલું એક બાળનાટક પણ આવી રહ્યું છે. આથી બાળકો સાથેનો તેમનો નાતો કેવો છે તે જાણવાનું અને વિશ્લેષણ કરવાનું મન તો થાય જ. ગુલઝારજી સાથે થયેલી થોડીક ગપસપ જાણીએ.

**★ બાળકો માટેનાં નાટકો પ્રમાણમાં ઓછા લખો છો?**

અત્યારે બાળકો માટેના નાટકો થાય છે જ ક્યાં? ક્યારેક બનતા હોય છે, પણ તેમાંય નવાં નાટકો તો થતાં જ નથી. મોટા ભાગે જેટલા થતાં હોય છે તેમાં જૂનાને જ રિપીટ કરીને બતાવાય છે, નહીં તો તેમાં થોડા સુધારા વધારા કરીને નવું બનાવીને રજૂ કરાય છે.

**★ બાળ સાહિત્ય તો લખાતું જ રહ્યું છે?**

આજના સમયમાં ત્રણ ભાષા એવી છે, જેમાં સાહિત્યનું કામ થઇ રહ્યું છે. ખાસ કરીને બાળકો માટે લખાતું હોય તે ભાષા છે મલયાલમ, મરાઠી અને બંગાળી. બાકી કોઇ ભાષામાં બાળકો માટે કશું નથી મળી રહ્યું. આ ભાષામાં એવા લેખકો છે, જેઓ બાળકો માટે લખે છે અને લખવા માગે છે. તેઓ કામ કરી રહ્યા છે. બંગાળમાં માણેક દા કે સત્યજિત રેની હું વાત કરી શકું છું. જેઓ બાળકો માટે કામ કરતા રહ્યા હતા. હું હંમેશાં કહેતો આવ્યો છું કે બાળકો માટે લખવાનો એક લગાવ હોવો જોઇએ. તેમના પ્રત્યે પ્રેમ હોવો જોઇએ તો જ આ વાત શક્ય બને. લેખનકાર્ય એવું છે જે આપણે કોઇને ઉધાર આપી ન શકીએ કે ન કોઇનામાં એ શક્તિ નાખી શકીએ. બંગાળમાં તો બાળકો માટે લખવાની એક પરંપરા જ છે.

**★ તમે ક્યારેય જુઠ્ઠું બોલો છો?**

ફિલ્મી ગીતો પણ ફિકશન તો હોય છે ને. એક લેખકથી વધારે જુઠ્ઠું કોણ લખી શકે છે? મારાથી સારું જુઠ્ઠું કોણ લખી શકે?

**★ બાળકો માટે લખવું સરળ છે કે મુશ્કેલ?**

યુવાન કે મોટી ઉંમરના લોકો માટે લખવું તેના કરતાં બાળકો માટે લખવું બહુ મુશ્કેલ હોય છે, કેમ કે બાળકો માટે લખતી વખતે જુદી જુદી ઉંમરનાં બાળકો માટે જુદી જુદી રીતે લખવું પડે છે અને તે બધી વાતો ધ્યાનમાં રાખવી પડતી હોય છે, કેમ કે ત્રણ વર્ષનાં બાળકો સાથે તમે વાતો કરો છો ત્યારે તેની પાસેથી કંઇક શીખીને પછી તેની જ ભાષામાં તેની સાથે વાતો કરો છો, પણ તે જ વાર્તા તમે છ વર્ષના બાળકને સંભળાવો તો તેની બોલી અલગ રહેશે. તેની બોલવાની રીત અલગ હશે.

**★ કેમ મુશ્કેલ લાગે છે?**

બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ અને સંશોધનવૃત્તિ હોય છે. એક લાકડીને તે પગની વચ્ચે દબાવીને કહેશે, હું મારા ઘોડા પર જાઉં છું. તે કાગળના વિમાન ઉડાડે છે અને કહે છે કે હું તો બૉઇંગમાં જઇ રહ્યો છું. આથી બાળકોની દુનિયા સમજવી હોય તો તેના માટે બાળક બનવું પડે.

**★ બાળકો માટે હંમેશાં હેપ્પી એન્ડિંગની વાર્તા જ લખવામાં આવે છે?**

બાળકો માટે લખનાર એક લેખક છે એન્ડરસન. તેમની વાર્તાઓ હંમેશાં ટ્રેજિક હોય છે, દુખાંત વાળી, પણ તે દુનિયામાં સૌથી સારા બાળ સાહિત્યમાં ગણાય છે. મેં 'ગર્લ વિથ મેચસ્ટિક'નું હિન્દી રૂપાંતર કર્યું છે 'સોનાલી'ના નામથી. હું માનું છું કે બાળકોના મનમાં ટ્રેજેડી બહુ લાંબા સમય સુધી જળવાઇ રહે છે. બાળકોને નવી નવી વાતોથી પરિચિત કરવા જોઇએ. ■

## શબ્દલાલિત્ય કાન્તા વોરા

### આડી ચાવી

૧. ખૂબ સંકુચિત દૃષ્ટિવાળો માણસ (૫)
૫. વસ્તુને નીરખવાની રીત કે માર્ગ (૪)
૭. ઝટ ભાંગી જાય તેવું (૩)
૮. મળસકું, પ્રભાત (૩)
૧૦. સોનાના કસનો આંક (૨)
૧૧. રેંટિયો (૩)
૧૪. દીવાસળી (૨)
૧૫. આભાર, ઉપકાર (૨)
૧૬. ખભે નાખવાનું વસ્ત્ર (૨)
૧૭. અહંકારી, ગર્વિષ્ઠ (૨)
૧૮. રાઈના --- રાતે ગયા (૨)
૧૯. રાજા (૨)
૨૨. --- વગર સિદ્ધિ નહીં (૩)
૨૩. લક્ષ્મી (૨)
૨૭. સન્માન (૩)
૨૮. રીત, રિવાજ (૩)
૩૦. લગોલગ, બરાબર અડીને (૪)
૩૧. જરૂરિયાતમંદ (૫)

### ઊભી ચાવી

૧. કદરૂપું (૩)
૨. પારકું (૨)
૩. માંડવો (૩)
૪. છળ, પ્રપંચ (૩)
૫. સ્થિર, મજબૂત (૨)
૬. નકશી (૪)
૯. રુચિ ઉત્પન્ન કરે તેવું (૩)
૧૨. રગ (૨)
૧૩. તોફાની, યુક્તિબાજ (૩)
૧૬. કાળજી, સંભાળ (૩)
૧૯. નાચ (૨)
૨૦. મધમાખીનું ઘર (૪)
૨૧. એક પ્રવાહી ધાતુ (૩)
૨૪. પથ (૩)
૨૫. આદિત્ય (૩)
૨૬. ઠીંગણું (૩)
૨૭. હરકત, પ્રતિબંધ (૨)
૨૯. ૧+૦I=? (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ | |
| ૭ | | | | ૮ | ૯ | | | | |
| | | | | ૧૦ | | | ૧૧ | | |
| | ૧૨ | | ૧૩ | | | | | | |
| ૧૪ | | | ૧૫ | | | ૧૬ | | | |
| | | ૧૭ | | | ૧૮ | | | ૧૯ | |
| | ૨૦ | | | ૨૧ | | | | | |
| ૨૨ | | | | ૨૩ | ૨૪ | | ૨૫ | | ૨૬ |
| | | | ૨૭ | | | | ૨૮ | ૨૯ | |
| ૩૦ | | | | | ૩૧ | | | | |

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ચ | ૨ ખા | ણ | | | ૩ અ | વ | ૪ સ | ર |
| ટો | | ન | | ૫ ભા | વા | ર્થ | | હા | |
| ળા | | પા | | દ્ર | | | ૬ વા | ચ | ૭ રો |
| | ૮ દી | ન | | ૯ પ | ગ | ૧૦ દં | ડી | | ષિ |
| | પ | | ૧૧ દા | દ | | ગ | | ૧૨ સ | ત |
| ૧૩ વાં | ક | | ન | | ૧૪ હા | લ | | મ | |
| ક | | ૧૫ આ | વ | જા | વ | | ૧૬ ભોં | ય | |
| ૧૭ ડો | ૧૮ લ | ર | | | ભા | | ઠા | | ૧૯ લ |
| | પા | | ૨૦ કા | દ | વ | | મ | | વ |
| ૨૧ લૂં | ટ | ફા | ટ | | | ૨૨ ગ | ણ | ત | રી |

## MANDRAKE THE MAGICIAN




**જાદુગર મેન્ડ્રેક:** ૧) રાતના અંધારામાં... નૌકાદળના જવાનો છાના હુમલાના છટકા ભણી આગળ વધી રહ્યા છે. નાર્ડા: આપણે એમને જો ચેતવી શકીએ... મેન્ડ્રેક: એક તક છે... ૨) મેન્ડ્રેક: આશા રાખીએ કે આ ઉચિત સ્વીચ હોય... ૩) અચાનક બધી લાઈટો ચાલુ થઈ જાય છે! નૌકાદળનો આગેવાન (નું ધ્યાન પડતા): આ છટકું છે! જમીનસરસા થઈ જાઓ!

## MUTT & JEFF BY BUD FISHER




**મટ અને જેફ:** ૧) ભફાંગ દઈને ભોંયે પટકાયેલા જેફને જોઈને મટ સ્તબ્ધ થઈ ગયો. ૨) મટ: બૂડથલ! મેં તને કહ્યું હતું કે તેં બહુ મોટો ડગલો ખરીદ્યો છે! જેફ: અરે પણ મને મોટો જ જોઈતો હતો, મટ! ૩) જેફ: હું જ્યારે મારી કારમાં સફર કરું છું ત્યારે એ ડગલો હું પહેરું છું અને હું જ્યારે મારી કારમાં નથી હોતો ત્યારે હું મકાનમાં હોઉં છું! ૪) જેફ: -અને હું જ્યારે મકાનમાં હોઉં છું ત્યારે હું એ ડગલો પહેરતો નથી! ૫) જેફ: મારી કાર એ પહેરે છે... રેડિયેટરને ઢાંકવા!

## સુડોકુ-૩૦૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | ૫ | ૮ | | ૩ | |
| | ૫ | | ૩ | | | | | |
| ૮ | | | | | ૬ | | | |
| ૩ | ૧ | | ૨ | | | | | |
| ૬ | | | | | | | | ૩ |
| | | | | | ૭ | | ૬ | ૫ |
| | | | ૮ | | | | | ૭ |
| | | | | | ૯ | | ૪ | |
| | ૩ | | ૭ | ૧ | | | | ૬ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૩ | ૭ | ૧ | ૮ | ૪ | ૨ | ૯ |
| ૨ | ૭ | ૯ | ૩ | ૬ | ૪ | ૫ | ૮ | ૧ |
| ૧ | ૮ | ૪ | ૯ | ૨ | ૫ | ૭ | ૬ | ૩ |
| ૮ | ૧ | ૬ | ૨ | ૫ | ૩ | ૯ | ૭ | ૪ |
| ૭ | ૩ | ૫ | ૪ | ૯ | ૬ | ૨ | ૧ | ૮ |
| ૪ | ૯ | ૨ | ૧ | ૮ | ૭ | ૩ | ૫ | ૬ |
| ૩ | ૪ | ૮ | ૫ | ૭ | ૧ | ૬ | ૯ | ૨ |
| ૯ | ૫ | ૧ | ૬ | ૪ | ૨ | ૮ | ૩ | ૭ |
| ૬ | ૨ | ૭ | ૮ | ૩ | ૯ | ૧ | ૪ | ૫ |

### સુડોકુ-૩૦૭૧

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.

૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.